

P.07
શ્રદ્ધા કપૂરની સ્ત્રીનું એનિમેટેડ વર્ઝન છોટી સ્ત્રી તરીકે રજૂ કરાશે

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07
જાહ્નવી કપૂરની એવરેજ ફિલ્મ દેવરાની સીકવલની જાહેરાત



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૫૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૦૯ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 59 • Dt.30-09-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં બળવો ફાટી નીકળ્યો । લોકડાઉન જાહેર કરાયું 07



30 SEPTEMBER- 2025 TUESDAY



07 અમેરિકન ખેડૂતો હવે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન સામે બનાવેલા ટેરિફ ચક્રવ્યૂહમાં ફસાઈ ગયા

**વરસાદને કારણે ગરબા રમવામાં મુશ્કેલી પડી**

## ગીર સોમનાથના સૂત્રાપાડામાં સૌથી વધુ વરસાદ પડ્યો । ભારે વરસાદને કારણે સૂત્રાપાડાના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા

# ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૨ તાલુકાઓમાં વરસાદ પડયો

## નવરાત્રિ દરમિયાન ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો । વરસાદને કારણે ગરબા રમવામાં મુશ્કેલી પડી । ઘણા ગરબા આયોજકોએ ગરબા રદ કરવા પડ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદની વાત કરીએ તો રાજ્યના કુલ ૨૩૨ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આમ ચોમાસાએ જતાં-જતાં પણ ગુજરાતને વરસાદથી તરબતર કરી દીધું છે. આના કારણે ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તો કેટલાય બંધ ઓવરફ્લો થઈ જતાં તેના દરવાજા ખોલવાની ફરજ પડી છે.આ ઉપરાંત ગુજરાતમાં નવરાત્રિ ખૂબ જ ઉત્સાહથી ઉજવાઈ રહી છે, પહેલા છ નોરતામાં તો વાંધો ન આવ્યો પરંતુ સાતમા વરસાદનું પણ આગમન થયું છે. નવરાત્રિ દરમિયાન ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો. વરસાદને કારણે ગરબા રમવામાં મુશ્કેલી પડી. ઘણા ગરબા આયોજકોએ ગરબા રદ કરવા પડ્યા. કેટલીક જગ્યાએ વરસાદ વચ્ચે પણ ગરબા રમવામાં આવ્યા. આ વરસાદ હવે છેક બીજી ઓક્ટોબર સુધી ચાલુ રહેવાનો હોવાથી બાકીની નવરાત્રિ પણ વરસાદમાં જાય તેવી પૂરી સંભાવના છે.આમાંથી, ગીર સોમનાથના સૂત્રાપાડામાં ભારે વરસાદ પડ્યો છે, જ્યાં એક રાતમાં ૧૦ ઈંચ વરસાદ પડ્યો છે. આમાંથી, ગીર સોમનાથના સૂત્રાપાડામાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. ભારે વરસાદને કારણે સૂત્રાપાડાના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.ગુજરાત રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા વરસાદના આંકડા મુજબ, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યાથી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યા સુધી, રાજ્યના ૨૩૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો.



ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર આંકડા અનુસાર, રાજ્યના ૨૩૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. આમાંથી, ૯ તાલુકાઓમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો, જેમાં અહીં ૪ થી ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં, રાજ્યના ૨૩૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. આમાંથી, ૧૦૪ તાલુકાઓમાં ૧ થી ૪ ઈંચ વરસાદ પડ્યો હતો. આમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં, ગુજરાતના ૨૩૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. આમાંથી, ૧૨૯ તાલુકાઓમાં ૧ ઈંચથી ઓછો વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેરમાં ૦.૮૩ ઈંચ વરસાદ પડ્યો હતો.

### વડોદરામાં વરસાદી માહોલના કારણે ગરબા પર ગ્રહણ લાગ્યુ હતુ

## ગુજરાતમાં વરસાદથી અનેક ગરબા ગ્રાઉન્ડમાં ભરાયા પાણી । મોટા શહેરોમાં ગરબા આયોજનો રહ્યા બંધ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ ।

સામાન્ય રીતે સપ્ટેમ્બરમાં ચોમાસાની વિદાય થઈ જાય છે, પરંતુ આ વર્ષે તો મેઘરાજા છેલ્લી ઈનિંગ સુધી ભારે તરખાટ મચાવી રહ્યા છે. ગુજરાતમાં ગઈકાલે વરસેલા વરસાલે ગરબા રસિકોની મજામાં ભંગ પડ્યો છે. ગઈકાલે વરસેલા વરસાદથી અનેક શહેરોમાં ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ ગયા હતા.જેના કારણે અમદાવાદ, વડોદરા, સુરત સહિતના કેટલાક સ્થળોએ મોટા ગરબા આયોજનો બંધ રહ્યા હતા. કેટલીક જગ્યાએ તો આગામી તમામ દિવસના આયોજન રદ કરવાની મજબુરી ઊભી થઈ છે.વડોદરામાં વરસાદી માહોલના કારણે ગરબા પર ગ્રહણ લાગ્યુ હતુ.

વડોદરાના તમામ મોટા ગરબા બંધ રહ્યા હતા. વરસાદના કારણે ખેલૈયાઓની સાથે આયોજકો ચિંતામાં મુકાયા છે. ભારે વરસાદ વરસતા ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાયા છે. ગ્રાઉન્ડ પર કિચડ ન થાય તે માટે પ્લાસ્ટિક પાથર્યું હતું. પ્લાસ્ટિક પરથી પાણી નિકાલની કામગીરી હાથ ધરાઈ છે.

મજૂરો દ્વારા ગ્રાઉન્ડ પરથી પાણી હટાવવાની કામગીરી ચાલી રહી છે.આ તરફ અમદાવાદમાં ઓપન ગરબા ગ્રાઉન્ડ હજુ પાણી-પાણી જોવા મળી રહ્યુ છે. ગોધાવી પાસે આવેલ ગરબા ગ્રાઉન્ડમાં વરસાદ બાદ સ્થિતિ વણસી હતી. મોરબની અને રેડ વેલ્વેટ ગરબા ગ્રાઉન્ડમાં કાદવનું સામ્રાજ્ય જોવા મળ્યુ. રિંગ રોડ પાસે આવેલ રાધેવન પાર્ટી પ્લોટ પણ વરસાદમાં ધોવાયો હતો. તો હવામાન વિભાગની આગાહી પ્રમાણે સતત બીજા દિવસના ગરબાને પણ અસર થવાની શક્યતા છે.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ I સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ I જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


## જામનગરના બેડેશ્વર વિસ્તારમાં ૮૦ મકાનોમાં ભરાયા વરસાદી પાણી

I પ્રતિનિધિ, જામનગર, તા.૨૯ I

જામનગર શહેરમાં આવેલા બેડેશ્વર વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતા લોકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ગઈકાલ રાત્રિથી લોકોના ઘરોમાં ગોઠણસમા પાણીનો ભરાવો થયો છે જેના કારણે આખી રાત લોકોએ જાગીને પસાર કરવી પડી હતી. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રેલવે ટ્રેકનું કામ ચાલુ હોવાથી પાણીના નિકાલ માટેની કોઈ જગ્યા બચી નથી. જેના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાઈ જાય છે.બેડેશ્વરના વૈશાલીનગરના પાછળનો વિસ્તાર પાણી-પાણી થયો છે. આ વિસ્તારમાં આવેલા અંદાજિત ૮૦ જેટલા ઘરોમાં પાણી ભરાઈ જતા લોકો હાલાકી વેઠવા મજબુર બન્યા છે.

## ઈસાઈ મિશનરીના લોકો રુપિયાની આપી રહ્યા છે લાલચ, માઈન્ડ વોશ કરતાં હોવાનો આક્ષેપ

I પ્રતિનિધિ, દેવભૂમિ દ્વારકા,તા.૨૯ I

દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ધર્મપરિવર્તનના ગેરકાયદેસર કાર્યક્રમો ચાલતાં હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. મળતી માહિતી અનુસાર, ઈસાઈ મિશનરી સાથે જોડાયેલા લોકો સ્થાનિક શ્રમિકો તથા ગરીબોને લાલચ આપીને તેમનું ધર્મ પરિવર્તન કરાવતાં હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે.દાવો કરવામાં આવી રહ્યો છે કે એક નેપાળી દંપતી દીપક વિશ્વકર્મા અને દીપા વિશ્વકર્મા ખંભાળિયામાં ભાડાના મકાનમાં રહીને આ પ્રવૃતિઓ ચલાવી રહ્યાં હતા. તેઓ શ્રમિકોને એકઠા કરીને ધાર્મિક માઈન્ડવોશ કરતા અને ઈસાઈ ધર્મ અંગીકાર કરવા માટે રૂપિયાની લાલચ આપતા હતા.આ કેસમાં 'મુકેશ' નામના વ્યક્તિની પણ સંડોવણી સામે આવી છે, જે મધ્યપ્રદેશનો વતની હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### લાખો મુસાફરોને લાભ મળશે

# દિવાળીના તહેવાર દરમિયાન એસટી વિભાગ ૨૬૦૦ વધારાની બસો ચલાવશે

### દિવાળીના તહેવારો દરમિયાન, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના તમામ વિભાગો ૧૬ થી ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ સુધી વધારાની બસોનું સંચાલન હાથ ધરશે

I પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૯ I

રાજ્યના નાગરિકો દિવાળીનો તહેવાર પોતાના વતનમાં ઉજવે છે. વધુ સારી રીતે કામ કરી શકે તે માટે, એસટી નિગમ વિવિધ મોટા શહેરોને કુલ ૨૬૦૦ થી વધુ દૈનિક ટ્રેનો સાથે જોડે છે. વધારાની બસો ચલાવવાની સફળ યોજના બનાવવામાં આવશે, જેના કારણે રાજ્યને અંદાજે પાંચ લાખથી વધુનો ખર્ચ થશે. મુસાફરોને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની યાદીમાં જણાવ્યા મુજબ લાભ મળશે. વધુમાં જણાવવામાં આવે છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્દેશન અને વાહનો હેઠળ, એસટી નિગમ વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યું છે. જેથી રાજ્યના નાગરિકોને તહેવારો અને ખાસ કરીને દિવાળી દરમિયાન કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.આ વર્ષે, દિવાળીના તહેવારો દરમિયાન, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના તમામ વિભાગો ૧૬ થી ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ સુધી વધારાની બસોનું સંચાલન હાથ ધરશે. દિવાળીના તહેવારો દરમિયાન સુરત શહેરમાં રહેતા મુસાફરોને તેમના વતન જવા માટે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના રત્ન કલાકારો અને દાહોદ અને પંચમહાલના મજૂરો માટે ૧૬૦૦ રૂપિયા. વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યું છે.સૌરાષ્ટ્ર જવા માટે આ માટે, મુસાફરોને



સુરત શહેરના રામચોક અને માતા વરાછાથી એસટી બસ મળશે. જ્યારે ઉત્તર ગુજરાત અને અમદાવાદ માટે મુસાફરોને સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનથી બસ સુવિધા મળશે. પ્રાપ્ત થશે. આ ઉપરાંત, દાહોદ અને પંચમહાલના મજૂરો માટે સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની સામે સુરત સિટી બસ સેવા છે. સ્ટેશન તેમજ રામનગર રાંદેર રોડ સુરતથી બસો ઉપલબ્ધ થશે.દિવાળીના તહેવારો દરમિયાન, કોર્પોરેશનના સુરત વિભાગ ઉપરાંત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, મહેસાણા, પાલનપુર અને અન્ય વિભાગોને મુસાફરોના ટ્રાફિકને પહોંચી વળવા માટે અંદાજે રૂ. ૧,૦૦૦ વધારાના ભંડોળ મળ્યા હતા. બસો ચલાવવામાં આવશે.અહીં ઉલ્લેખનીય છે કે પેસેન્જર બસ સ્ટેશન ઉપરાંત, એસટી દ્વારા નિયુક્ત બુકિંગ એજન્ટ, મોબાઈલ એપ અને કોર્પોરેશનની વેબસાઈટ દ્વારા પણ ઓનલાઈન ટિકિટ બુક કરાવી શકાય છે. "એસ.ટી. આપના દ્વારા" યોજના હેઠળ જે મુસાફરોએ આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવ્યું છે.

## રાજકોટમાં પાણીની સમસ્યા સામે મહિલાઓ બની રણચંડી! ચક્કાજામ કરી હોબાળો મચાવ્યો

I પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૯ I

રાજકોટ શહેરના કટારીયા ચોકડી વિસ્તારમાં આજે સ્થાનિક લોકોએ રસ્તા અને પાણી જેવી તાત્કાલિક જરૂરિયાતોની માંગ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિસ્તારમાં લાંબા સમયથી રસ્તા અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ ન મળતાં લોકોના રસ્તા પર ઉતરી ચક્કાજામ કર્યો.સ્થાનિકોનું કહેવું છે કે, તેઓ છેલ્લા ઘણા સમયથી રોડ રસ્તા, નકારા ડ્રેનેજ અને અઠવાડિયામાં માત્ર એક વાર આવતા પાણી જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેમનું આ પણ કહેવું છે કે, અનેક વખત તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ સકારાત્મક પગલું લેવામાં આવતું નથી.મહિલાઓએ કહ્યું, અઠવાડિયામાં માત્ર એકવાર પાણીનું ટેક્રર આવે છે. રોડ-રસ્તા, પાણી સહિતની સામાન્ય સુવિધા મળતી નથી. તંત્રને અનેકવાર રજૂઆત કરી છતા નિરાકરણ આવતું નથી. રજૂઆત કરવા જતા અધિકારીને મળવા ન દેતા હોવાનો આક્ષેપ કર્યો હતો. રજૂઆત કરવા ૧૦-૧૦વાર કચેરીએ ધક્કા ખાધા. રોડ બ્લોક કરતા સ્થાનિક પોલીસની ટીમ દોડી આવી. પોલીસ અધિકારીએ મહિલાઓને સમજાવવા કર્યો પ્રયાસ.મહિલાઓની એક જ માગ, પાણી અને પ્રાથમિક સુવિધા મળે રાજકોટ શહેરના કટારીયા ચોકડી વિસ્તારમાં આજે સ્થાનિક લોકોએ રસ્તા અને પાણી જેવી તાત્કાલિક જરૂરિયાતોની માંગ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

### સમગ્ર ઘટનાના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો

# દ્વારકાના જગત મંદિર ઉપર અદ્ભુત ઘટના બની! ગગનચુંબી શિખર પર બિલાડી ચઢી ગઈ, કોઈ મોટા સંકેતનો ઈશારો?

I પ્રતિનિધિ, દ્વારકા, તા.૨૯ I

ગુજરાતના સૌથી ઊંચા અને પવિત્ર સ્થળ, દ્વારકાના સુપ્રસિદ્ધ જગત મંદિરના ગગનચુંબી શિખર પર એક બિલાડી ચડી ગઈ હતી. સમગ્ર ઘટનાના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. ધજાજી બદલવાના સમયે લોકોને નજરે પડતાં જ તાત્કાલિક બિલાડીનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું. ઊંચાઈ પર પહોંચેલી બિલાડીને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવી છે.ગુજરાતના પવિત્ર યાત્રાધામ દ્વારકા સ્થિત સુપ્રસિદ્ધ જગત મંદિરના ગગનચુંબી શિખર પર એક અવિશ્વસનીય અને અસામાન્ય ઘટના જોવા મળી. મંદિરના સૌથી ઊંચા ભાગે, જ્યાં ધ્વજાજી (ધ્વજ) ફરકે છે, ત્યાં એક બિલાડી ચઢી



જતાં હાજર રહેલા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. આ ઘટના ખાસ કરીને જ્યારે ધ્વજાજી બદલવાનો સમય હતો, ત્યારે જ બનતાં ધાર્મિક વાતાવરણમાં એક અનોખી ચર્ચા શરૂ થઈ ગઈ હતી. બિલાડીને આટલી ઊંચાઈ પર જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને તેની સુરક્ષા માટે ચિંતિત બન્યા હતા.

સ્થિતિની ગંભીરતા અને પશુની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, મંદિર પ્રશાસન દ્વારા તુરંત જ એક હાઈ-પ્રોફાઈલ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આટલી જોખમી ઊંચાઈ પર પહોંચીને, વિશેષ ટીમે સંપૂર્ણ સાવધાની અને વ્યવસ્થા સાથે બિલાડીનો સફળતાપૂર્વક સંપર્ક કર્યો. ઘણા પ્રયત્નો બાદ, ટીમે તે બિલાડીને સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધી, જેનાથી મંદિર પરિસરમાં હાજર હજારો ભક્તોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ બચાવ કામગીરીએ સૌને પ્રભાવિત કર્યા હતા.આ અસામાન્ય અને નાટકીય ઘટનાએ સમગ્ર ધાર્મિક જગતમાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. મંદિરના શિખર પર બિલાડીનું ચઢવું અને ત્યારબાદનું સફળ રેસ્ક્યૂ ઓપરેશન એક યાદગાર પ્રસંગ બની ગયો છે. આ સમગ્ર ઘટનાને કૅમેરામાં કંડારી લેવામાં આવી હતી અને હાલમાં તેના વિડિયોઝ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યા છે, જેના કારણે આ કિસ્સો દૂર દૂર સુધી પહોંચ્યો છે.

## અમદાવાદમાં સાઉથ બોપલ દુર્ઘટનામાં વધુ એક મજૂરનું મોત : મૃત્યુઆંક થયો ત્રણ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯ I

અમદાવાદના સાઉથ બોપલમાં હોર્ડિંગ લગાવતી વખતે દસ મજૂર સાત માળની ઈમારત પરથી પડી ગયા. જેમાંથી બેના મોત થયા છે. હોર્ડિંગ પોલ વાયરના સંપર્કમાં આવ્યું, જેના કારણે વિસ્ફોટ થયો અને મજૂરો પટકાયા.થાંભલાના વાયર સાથે હોર્ડિંગ અડી જતાં વિસ્ફોટ થયો. આ મામલે બોપલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનામાં દાખલ કરવામાં આવેલા વધુ એક મજૂરનું પણ મોત નીપજતા મૃત્યુઆંક ત્રણ થયો છે. હજી પણ ઈજાગ્રસ્તોની સારવાર ચાલું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના સાઉથ બોપલમાં ભાગવત બંગ્લોઝની સામે વિશ્વકુંજ ૨ નામની સાત માળની ઈમારત પર કેટલાક મજૂરો વીએસ જ્વેલર્સના હોર્ડિંગ પર કામ કરી રહ્યા હતા. આ દરમિયાન, હોર્ડિંગ અચાનક ઈલેક્ટ્રિક થાંભલાના વાયરના સંપર્કમાં આવી ગયું. આ અચાનક વિસ્ફોટને કારણે, કામદારોને વીજ કરંટ લાગ્યો અને તેઓ સાત માળની ઈમારત પરથી નીચે પડી ગયા. હોડીંગ પર કામ કરતા તમામ ૧૦ મજૂરો પટકરાયા ત્યારે આ ઘટના બની.માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. ઘાયલોને સોલા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

## પાણીની નવી લાઈન નાંખતા જૂની લાઈન તૂટી, હજારો લીટર પાણીનો બગાડ

I પ્રતિનિધિ, લીંબડી , તા.૨૯ I

લીંબડી રેલવે સ્ટેશન રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં હાલ નવી પાણીની લાઈન નાખવાની કામગીરી ચાલું છે. વ્હોરા સોસાયટીમાં પાણીની નવી લાઈન નાખવાની કામગીરી દરમિયાન જુની પાણીની લાઈનમાં ત્રણથી ચાર જગ્યાએ ભંગાણ થતાં હજારો લીટર પાણીનો બેફામ બગાડ થયો હતો. તેમજ સોસાયટીમાં સ્થાનિક રહીશોના ઘરમાં પાણી ધુસી ગયા હતા.કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે સોસાયટીમાં તળાવ ભરાયું હોય તેવો નજારો જોવા મળ્યો હતો. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટ દ્વારા નવી પાઈપ લાઈન નાખવા સમયે બેદરકારી પૂર્વક કામ કરતાં જુની લાઈન તોડી નાખવામાં આવી છે. પાઈપ લાઈન નાખ્યાં પછી ખાડા સરખા બુરતાં નથી જેને લઈને ઘરની બહાર ચાલીને જવું પણ મુશ્કેલ બન્યું છે. રસ્તા પર રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડે છે અને વાહન ચાલકોને અકસ્માતનું જોખમ રહે છે. અમે જાતે ખાડા સરખા બુરાવા મજબુર બન્યા છે. તૂટી ગયેલી પાઈપ લાઈન રિપેરીંગ કરવાનાં બદલે આડેધડ ખાડા બુરીને ચાલ્યા ગયા છે. જેથી કરીને કોન્ટ્રાક્ટ દ્વારા વહેલી તકે તૂટી ગયેલી પાણીની પાઈપ લાઈન રિપેરીંગ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ ઉઠી છે. લીંબડી રેલવે સ્ટેશન રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં હાલ નવી પાણીની લાઈન નાખવાની કામગીરી ચાલું છે.




ગુજરાત અને મહારાષ્ટ્રના મોટાભાગના ભાગો માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું

# દિલ્હીમાં ગરમીનું મોજું, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કરાયું

**દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાંથી પણ વિદાય લઈ ચૂક્યું છે**

। પ્રતિનિધિ, કચ્છ,તા.૨૯ ।

હવામાન વિભાગે ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણી આપી છે.આઈએમડીએ આ વિસ્તારો માટે રેડ એલર્ટ જારી કર્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રના મોટાભાગના ભાગો માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દરમિયાન, દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વરસાદની શક્યતા ખૂબ ઓછી છે. નાગપુર અને આસપાસના વિસ્તારોમાં પણ હવામાન સ્વચ્છ રહેશે. આઈએમડીએ ઉત્તર ભારતમાં, દરિયાકાંઠાના કેરળ, અરુણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ સહિત, સ્વચ્છ હવામાનની આગાહી કરી છે.



દેશમાંથી ચોમાસાએ વિદાય લેવાનું શરૂ કરી દીધું છે. તે જમ્મુ અને કાશ્મીર, પંજાબ અને ઉત્તરાખંડમાંથી વિદાય લઈ ચૂક્યું છે. તે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાંથી પણ વિદાય લઈ ચૂક્યું છે. ૧૫ ઓક્ટોબર સુધીમાં સમગ્ર દેશમાંથી ચોમાસું વિદાય લેવાની ધારણા છે. આ પછી, ઠંડીનો માહોલ જામી શકે છે.

દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમના સરેરાશ કરતા ૨.૯ ડિગ્રી વધારે હતું.આઈએમડીએ અહેવાલ આપ્યો હતો કે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી સેલ્સિયસ, મોસમના સરેરાશ કરતા ૪.૯ ડિગ્રી વધારે હતું. હવામાન વિભાગે દિલ્હીમાં સ્વચ્છ આકાશની આગાહી કરી છે, જેમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને ૨૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, રવિવારે સાંજે ૪ વાગ્યે રાજધાનીમાં હવા ગુણવત્તા સૂચકાંક ૧૩૧ નોંધાયો હતો, જે 'મધ્યમ' શ્રેણીમાં આવે છે.

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ સહિત દેશભરના મોટાભાગના રાજ્યો માટે પીળો ચેતવણી જારી કરી છે. આ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે, પરંતુ રહેવાસીઓને કોઈ અસુવિધાનો સામનો કરવો પડે તેવી અપેક્ષા નથી. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશના કેટલાક ભાગો, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, આસામ અને સિક્કિમ માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર, ૩૦ સપ્ટેમ્બરે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. આ બંને પ્રદેશો માટે નારંગી ચેતવણી જારી કરવામાં આવી છે. દરમિયાન, ઉત્તર ભારતમાં હવામાન સ્વચ્છ રહેવાની અપેક્ષા છે. અન્ય રાજ્યો માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. ૨ ઓક્ટોબરે પૂર્વોત્તર રાજ્યો માટે નારંગી ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. વધુમાં, દેશના અન્ય ભાગોમાં હવામાન સ્વચ્છ રહેવાની ધારણા છે. આગામી દિવસોમાં મોટાભાગના રાજ્યોમાં વરસાદ ઘટવાની ધારણા છે. ઓક્ટોબરના ત્રીજા અઠવાડિયાથી ઉત્તર ભારતમાં તાપમાન ઘટી શકે છે. હવામાન વિભાગે ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણી આપી છે.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ૨ લાખથી વધુ કિંમતનું દારૂ કબજે કર્યું

# સુરતમાં દારૂભરેલી કારને નડ્યો અકસ્માત લોકોએ દારૂની ચલાવી રીતસરની લૂંટફાટ

। પ્રતિનિધિ, સુરત,તા.૨૯ ।

સુરતના પલસાણા તાલુકાના તરાજ ગામની સીમમાં એક અનોખી ઘટના બની છે. અહીં દારૂથી ભરેલી કાર અકસ્માતમાં પલટી પડી અને તેમાંથી બહાર નીકળેલા દારૂની લોકો દ્વારા લૂંટ કરવામાં આવી હતી. સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર રોડથી નીચે ફંગાઈ પાર્કિંગમાં ઘૂસી ગઈ હતી, જ્યાં તે પ ાર્કિંગમાં પડેલી ચાર જેટલીગાડીઓને જઈને ટકરાઈ ગઈ હતી.કારમાં તપાસ કરતા વિદેશી દારૂ મળતાં લોકોએ તેની રીતસરની લૂંટ ચલાવી દીધી અને પ ોલીસ પહોંચે તે પહેલાં જ ભાગી ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ૨ લાખથી વધુ કિંમતનું દારૂ કબજે કર્યું, જ્યારે અકસ્માત સર્જનાર કારચાલક ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે, અને પલસાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ઘટના આજે બપોરે તરાજ ગામની સીમમાં બની હતી. જ્યાં એક અજ્ઞાત કારચાલક વિદેશી દારૂથી ભરેલી કાર ચલાવી રહ્યો હતો. અચાનક સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતાં કાર રોડથી નીચે ઉતરી ગઈ હતી. અકસ્માતના અવાજથી આસપાસના લોકો ભેગા થઈ ગયા અને અફરાતફરીનો માહોલ ઊભો થયો હતો.લોકોએ કારની તપાસ કરતાં તેમાં વિદેશી દારૂની બોટલો મળી આવી, જેના કારણે તેઓએ તાત્કાલિક લૂંટફાટ શરૂ કરી દીધી.

## જસદણમાં આમ આદમી પાર્ટીની સભામાં નેતા બ્રિજરાજ સોલંકીએ કુંવરજી બાવળીયાને પડકાર ફેંક્યો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૯ ।

મોરબી બાદ હવે રાજકોટમાં 'ચેલેન્જ'ની રાજનીતિ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. આપ નેતા બ્રિજરાજ સોલંકીએ જસદણની સભામાં પડકાર આપ્યા બાદ હવે મહિલા અગ્રણી સોનલ વસાણીએ બ્રિજરાજ સોલંકીનું નામ લીધા વગર ચેલેન્જ આપી છે. સોનલ વસાણીએ કુંવરજીભાઈના નેતૃત્વમાં અહીં ખૂબ વિકાસ થયો છે. મોટી-મોટી મૂછો રાખી દોડી આવતા પહેલા અહીંની સુવિધા જુઓ. અમે કાર્યકરો અને કુંવરજીના સમર્થકો ગામડે-ગામડે જઈશું. ગામડે-ગામડે જઈ લોકોને વિકાસ અંગેની વાતો કરીશું.જણાવી દઈએ કે, થોડા દિવસ પહેલા આપ નેતા બ્રિજરાજ સોલંકીએ કુંવરજી બાવળીયાને જસદણમાં ચેલેન્જ આપી હતી. તેમણે કહ્યું હતું કે, વિંછિયાનાં ૯૨ નિર્દોષ યુવાન પર ૩૦૭ નાં ખોટા કેસ નોંધાયેલા છે. કુંવરજી બાવળીયા ૧૦ દિવસમાં ખોટા કેસ પરત ખેંચાવે. તમામ નિર્દોષ યુવાનો પરના કેસો પરત ખેંચાવે તો બ્રિજરાજ સોલંકી ક્યારેય વિંછિયામાં ફરી પગ નઈ મૂકે. તેમણે આગળ કહ્યું કે, કુંવરજી બાવળીયાએ મારા ભૂતકાળ-ઈતિહાસની વાત કરી, કુંવરજી બાવળીયા સાચા હોય તો મારી સાથે ડિબેટ કરે.

## સુરતમાં કંપનીમાં દુર્ઘટના સર્જાઈ,ક્રેન તૂટી પડતા શ્રમિકનું મોત, ત્રણ ઇજાગ્રસ્ત

। પ્રતિનિધિ, સુરત, તા.૨૯ ।

ઔદ્યોગિક અકસ્માત ગુજરાતમાં જાણે હવે નવાઈ રહી નથી. શ્રમિકો તો જાણે મરવા માટે જ છે. રાજ્યમાં સર્જાયેલી આવી વધુ એક દુર્ઘટનામાં શ્રમિકે જીવ ગુમાવ્યો છે. સુરતના હજીરા ખાતે આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે.આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીના પ્લાન્ટમાં કામગીરી દરમિયાન અચાનક ક્રેન તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં એક શ્રમિકનું મોત નીપજ્યું હતું અને અન્ય ત્રણ શ્રમિકો ઈજા પામ્યા હતા. મળતી વિગતો મુજબ સુરતના હજીરામાં આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીના પ્લાન્ટમાં કામગીરી ચાલતી હતી ત્યારે અકસ્માતે ક્રેન તૂટી પડી હતી.

ક્રેન પડવાના કારણે નીચે દબાઈ જવાના લીધે એક શ્રમિકનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું. જ્યારે આ દુર્ઘટનામાં અન્ય ત્રણ શ્રમિકો ઈજા પામ્યા હતા. ઈજાગ્રસ્ત કામદારોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં જ ઘટનાસ્થળે નાસભાગ મચી ગઈ હતી.ક્રેન તૂટી પડવાની દુર્ઘટના સર્જાતા કંપનીના અન્ય કર્મચારીઓ તેમજ સુરક્ષા કર્મચારીઓ મદદ કરવા તરત જ દોડી આવ્યા હતા. દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે કંપનીએ પોતે જ તપાસ શરૂ કરી દીધી છે. આ દુર્ઘટનાના કારણે કંપનીના કામદારોમાં ગમગીની અને ભયનું વાતાવરણ છે.ઉલ્લેખનીય છે કે આર્સેલરમિત્તલ ભારતીય મૂળના ઉદ્યોગપતિ લક્ષ્મી મિત્તલની માલિકીની કંપની છે. જ્યારે નિપ્પોન જાપાનીઝ સ્ટીલ કંપની છે. હજીરામાં સ્થપાયેલું સાહસ બંને વચ્ચેનું સંયુક્ત સાહસ છે. ઔદ્યોગિક અકસ્માત ગુજરાતમાં જાણે હવે નવાઈ રહી નથી. શ્રમિકો તો જાણે મરવા માટે જ છે. રાજ્યમાં સર્જાયેલી આવી વધુ એક દુર્ઘટનામાં શ્રમિકે જીવ ગુમાવ્યો છે.






## તંત્રી લેખ...

# દરેક સેક્ટરમાં તક છે

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક સેક્ટરમાં અનેક સારી સંભાવના રહેલી છે. બદલાઈ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઇ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઈ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઇ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઇ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઈએ. બેકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઈ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્ચુઅલ રિયાલિટી, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઈ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટને સમજીને સ્કિલ્સની દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઈ રહી છે. નવી નવી ટેકનોલોજીને વહેલી તકે સ્વીકાર કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે.



**વારંવાર સ્માર્ટ ફોન ન બદલવા માટે નિષ્ણાંતો કહે છે કારણ કે...**

**પૃથ્વીના પર્યાવરણને જે રીતે નુકસાન થઇ રહ્યુ છે તે રીતે તમામ મુદ્દા પર વાત કરી હતી એમ માનવામાં આવે છે કે આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩ સુધી દુનિયામાં આશરે પાંચ અબજ લોકોની પાસે સ્માર્ટ ફોન થઇ જશે**

# ફોન નિર્માણથી પર્યાવરણને નુકસાન

**૨૦૨૩ સુધી વિશ્વમાં સ્માર્ટ ફોનનો ઉપયોગ કરનારની સંખ્યા ૫ અબજ લોકો સુધી પહોંચી જશે : હેન્ડસેટ નિર્માણમાં દુર્લભ ચીજોનો ઉપયોગ**

સ્માર્ટ ફોન વારંવાર બદલી નાંખવા માટેની ટેવ બદલવી પડશે. સ્માર્ટ ફોન વગર આજે કોઈને ચાલી શકે તેમ નથી. લોકો નવા ફિચરવાળા હેન્ડસેટ ખરીદવા માટે નિયમિત રીતે પોતાના મોબાઈલ સેટ બદલતા રહે છે. પરંતુ સામાન્ય લોકોને આ અંગે માહિતી નથી કે એક સ્માર્ટ ફોનનુ નિર્માણ અમારા પર્યાવરણ પર કેટલુ નુકસાન કરે છે. કંન્ઝર્વેશન પત્રીકામાં પ્રકાશિત કરવામાં આવેલા હાલના લેખમાં કેટલાક વૈજ્ઞાનિકો દ્વારા સ્માર્ટ ફોનના નિર્માણના કારણે પૃથ્વીને લઈને રહેલા નુકસાનની વાત કરી છે. પૃથ્વીના પર્યાવરણને જે રીતે નુકસાન થઇ રહ્યુ છે તે રીતે તમામ મુદા પર વાત કરી હતી. એમ માનવામાં આવે છે કે આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩ સુધી દુનિયામાં આશરે પાંચ અબજ લોકોની પાસે સ્માર્ટ ફોન થઈ જશે. હેન્ડસેટના નિર્માણમાં ખુબ જ દુર્લભ અને કિંમતી ચીજોનો ઉપયોગ કરવામાં આવે છે. તેના વગર સ્માર્ટ ફોનની મહત્વપૂર્ણ ટેકનોલોજિકલ ફિચરની કલ્પના કરી શકાય નહીં. આમાં ઉપયોગ કરવામાં આવતી ચીજો અંગે ખુબ ઓછા લોકોને માહિતી છે. જો કે ટર્બિયમ ૧૪ ટકા અને તાંબાનો સાત ટકા પ્રયોગ આમાં કરવામાં આવે છે. લોખંડનો ઉપયોગ સ્પીકર, માઈક્રોફોનો અને સ્ટેનલેસ સ્ટીલના ફ્રેમમાં થાય છે. એલ્યુમિનિયમનો ઉપયોગ સ્ટેનલેસ



સ્ટીલ ના વિકલ્પ ઉપરાંત સ્માર્ટફોનના સ્ક્રીનમાં ઉપયોગી મજબુત ગ્લાસના નિર્માણ માટે કરવામાં આવે છે. જ્યારે તાંબાનો ઉપયોગદ ઈલેક્ટ્રોનિક વાયરિંગમાં કરવામાં આવે છે. આ ચીજોને પૃથ્વીમાંથી કાઢતી વેળા કેટલાક ઠોસ અને પ્રવાહી ચીજો પણ બહાર નિકળે છે. જેને માઈન ટૈલિગ્સ પણ કહેવામાં આવે ચે. બ્રાજિલમાં બેન્ટો રોડ્રિગ્સ ગામ નવેમ્બર ૨૦૧૫માં આ ઝેરી કચરાની નીચે દબાઈ જતા અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. આવી જ રીતે મિનાસ ગેરાઈસ સ્થિત એક લોખંડની ખાણ પર બંધ તણાઈ જવાના કારણે ૩.૩ કરોડ ઘન મીટર લોખંડ વહીને ડોસ નદીમાં પહોંચી જતા ભારે નુકસાન થયુ હતુ. આસપાસના કેટલાક ગામો જળબંબાકાર થઈ ગયા હતા. જેમાં ૨૦ લોકોના મોત પણ થઈ ગયા હતા. આ ચીજો ૬૫૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાઈ જતા કેટલાક નવા પડકારો સર્જાયા હતા. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જે રીતે નવી નવી ટેકનોલોજીની ભુખ વધશે તેમ તેમ કચરાને રોકનાર બંધની સંખ્યા વધી જશે. કદમાં પણ વધારો થશે. બંધ તુટી જવાનો ખતરો પણ રહેશે. સ્માર્ટ ફોનમાં કનેક્ટર બનાવવા માટે સોનાની જરૂર પડે છે. જો કે દક્ષિણ અમેરિકામાં સોનાની ખાણ પ્રવૃતિના કારણે અમેઝોનના વન્ય વિસ્તાર સાફ થઈ રહ્યા છે. સોનાની ખાણ પ્રવૃતિના કારણે ઝેરી ચીજો બહાર આવી રહી છે. આ ઝેરી ચીજો પીવાના પાણી અને માછળીના અસ્તિત્વની સામે ખતરારૂપ છે. માનવ આરોગ્ય માટે પણ પડકારરૂપ છે. નિષ્ણાંતો કહે છે કે ઈલેક્ટ્રોનિક્સમાં સોલ્જરિગ માટે ટિનનો ઉપયોગ કરવામા ંઆવે છે. સ્માર્ટફોનની સ્ક્રીન પર ઈન્ડિયન ટિન ઓક્સાઈડની પાતલી પારદર્શી પરત હોય છે. જે ટચ સ્ક્રીન માટે ઉપયોગી હોય છે. ઈન્ડોનેશિયાના બાંગ્કા અને આસપાસના વિસ્તારમાં ટિનની ખાણ પ્રવૃતિ ચાલી છે. આના કારણે કિંમતી ઈકોસિસ્ટમ નષ્ટ થઈ રહ્યા છે. અનેક દુર્લભ ચીજોનો ઉપયોગ સ્માર્ટ ફોનની કલ્પના કરી શકાય નહીં. આમાંથી મોટા ભાગની વસ્તુઓ ખાણ પ્રવૃતિ મારફતે બહાર નિકળે છે. સ્માર્ટ ફોનની ડિઝાઈન અને ફકશનમાં આનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. સ્માર્ટફોનના સ્પીકરો, માઈઉક્રો ફોનો અને વાયબ્રેશન માટે જરૂરી શક્તિશાળી મોટરો અને ચુમ્બકનનુ નિર્માણ નિયોડાઈમિયમ, ડિસ્પ્રોસિયમ નામના રેયર અર્થચીજો માટે કરવામાં આવે છે. નવેસરના અંદાજ મુજબ આગામી ૩૦તી ૫૦ વર્ષમાં ટર્બિયમ અને ડિસ્પ્રોસિયનુ સંકટ સર્જાઈ જશે. સ્માર્ટ ફોન વગર હવે કોઈને ચાલે તેમ નથી. તેના વગર લાઈફની કલ્પના કરવી મુશ્કેલ હોય છે. બીજી બાજુ સ્માર્ટ ફોન અને મોબાઈલના કારણે પર્યાવરણ અને જુદી જુદી જાતિઓના પક્ષીઓને થઈ રહેલા નુકસાનના સમાચાર વારંવાર આવતા રહે છે. પર્યાવરણને મોબાઈલની કિરણોના કારણે નુકસાન થઈ રહ્યુ છે. કેટલાક પક્ષીઓની જાતિઓ તો ખતમ થઈ ગઈ છે. સ્માર્ટ ફોનના પર્યાવરણ પર પ્રભાવને ઘટાડી દેવા માટે ફોન નિર્માતાઓએ પ્રોડક્ટસની અવધિ વધારી દેવાના પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે રિસાઈક્લિગના તરીકે શોધવા પડશે. સાથે સાથે ગ્રાહકોના રૂપમાં અમને વારંવાર સ્માર્ટ ફોન બદલી નાંખવાની ટેવ છોડવી પડશે.જો કે સલાહ સુચન યુવાનો વહેલી તકે સ્વીકારી શકે નહીં.



**ડાયાબિટીસ અને માઇગ્રેનમાં પણ નિયમિત યોગથી રાહત થાય છે...**

**દરરોજ યોગ કરવાથી અસ્થમા, જેવી જુની બિમારી પણ દુર થાય છે સાથે સાથે ડાયાબિટીસની સારવાર પણ યોગ મારફતે થઇ શકે છે પરંતુ આના માટે જરૂરી છે કે સૌથી પહેલા બ્લડ શુગર લેવલને કન્ટ્રોલ કરવામાં આવે માઇગ્રેનથી પણ યોગથી રાહત મળે છે**

# નિયમિત યોગથી બીપીમાં પણ રાહત

**નિયમિતરીતે યોગાભ્યાસ કરનાર લોકો રોગમુક્ત રહે છે અને પહેલાની કેટલીક બિમારીઓ પણ દુર થવા લાગી જાય છે**

આમાં કોઈ શંકા નથી કે યોગથી મોટા ભાગની બિમારીની સારવાર શક્ય છે. જો કોઈ વ્યક્તિ નિયમિતરીતે યોગાભ્યાસ કરે છે તો તે રોગમુક્ત રહે છે. સાથે સાથે કેટલીક બિમારી જો તેને પહેલાથી જ રહી ચુકી છે તો તે બિમારી પણ ધીમે ધીમે દુર થવા લાગી જાય છે. શરીરને રોગમુક્ત રાખવા માટે નિયમિત યોગ કરવાની સલાહ નિષ્ણાંત લોકો દ્વારા આપવામાં આવી રહી છે.

દરરોજ યોગ કરવાથી અસ્થમા, જેવી જુની બિમારી પણ દુર થાય છે. સાથે સાથે ડાયાબિટીસની સારવાર પણ યોગ મારફતે થઈ શકે છે. પરંતુ આના માટે જરૂરી છે કે સૌથી પહેલા બ્લડ શુગર લેવલને કન્ટ્રોલ કરવામાં આવે. માઈગ્રેનથી પણ યોગથી રાહત મળે છે. નિષ્ણાંત કહે છે કે માઈગ્રેનનુ મુખ્ય કારણ દિમાગ સુધી લોહી નહીં પહોંચવાનુ છે. પુરતા પ્રમાણમાં જ્યારે લોહી પહોંચતુ નથી ત્યારે આઈ સમસ્યા ઉભી થઈ જાય છે. યોગની મદદથી સરળતાથી મગદ સુધી લોહી પહોંચી જાય છે. માઈન્ડમાં ફ્રેશનેસ બની રહે છે. માઈગ્રેન હોવાની સ્થિતીમાં શિર્સાસન અને હેડ સ્ટેન્ડ કરવાથી ફાયદો થાય છે. સુર્યનમસ્કાર કરવા માટેની પણ સલાહ આપવામાં આવે છે. પીઠના નિચલા



હિસ્સામાં પીડા થવાની બાબત કષ્ટદાયક હોય છે. પ્રોફેશનલ અને કામકાજી લોકોને આ તકલીફનો સામનો સામાન્ય રીતે કરવો પડે છે. આવી સ્થિતી થવાની સ્થિતીમાં કેટલાક યોગ આસાન કરવાથી લાભ થાય છે. જેમા ંશલભ આસન, સરળ ભુજંગ આસન, મર્કેટ આસનનો સમાવેશ થાય છે. યોગથી ડિપ્રેશનને પણ દુર કરી શકાય છે. યોગ મારફતે ફીલ ફ્રેશર ફેક્ટર આવે છે. કોઈ પણ વ્યક્તિ લાઈફને નવેસરથી ફ્રેશ રીતે આગળ વધારી દેવા ઈચ્છુક લોકોએ યોગની સાધના થોડાક સમય સુધી કરવી જોઈએ. ડિપ્રેશનમાં સિંહાસન, કરટક ક્રિયા અને જળ નિતી ક્રિયા જેવા યોગ ઉપયોગી સાબિત થાય છે. ઓફિસમાં વર્કલોડ અમને હાઈપર ટેન્શનનો શિકાર બનાવે છે. આના કારણે યોગથી ફાયદો થાય છે. હાઈ બ્લડ પ્રેશર કેટલીક બિમારીની જડ તરીકે છે. જો હાઈપર ટેન્શનને નિયંત્રિત કરી લેવામાં આવે તો કેટલીક બિમારી તો એમ જ દુર થઈ શકે છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીશના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીશથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીશથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીશ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકાની આસપાસ છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. એક માત્ર મહારાષ્ટ્ર ઉપર જ ધ્યાન આપવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. ૮ રાજ્યોને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મલ્ટી નેશનલ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા સ્પોન્સર કરીને કરવામાં આવેલા અભ્યાસમાં આઠ રાજ્યોના મોટા શહેરોમાં રહેતા ૧૬,૦૦૦ લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી.

# વિટામિન ડી પુરતા પ્રમાણમાં જરૂરી





હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વિટામિન ડી કમ અને વધુ પ્રમાણમાં નુકસાનકારક છે. તે નિયમિત માત્રામાં રહે તે જરૂરી છે. ભારતીયોની સ્કીન સામાન્યરીતે ડાર્ક રહે છે. જેથી વિમાટિમન ડીની જરૂર વધારે હોય છે. વિટામિન ડી મળી જાય તે રીતે પ્રો હાર્મોનના એક જુથ તરીકે છે. આ બે પ્રકારના હોય છે. વિટામિન ડી-૨ અથવા તો અર્ગોકેલસિફેરોલ અને વિટામિનડી-૩ અથવા તો કોલેકેલસીફેરોલનો સમાવેશ થાય છે. વિટામિન ડી અનેક રીતે કામ કરે છે. વિટામિન ડીનુ મુખ્ય કામ હાડકાને મજબુતી પ્રદાન કરવાનુ હોય છે.

હાડકાને મજબુત કરવા માટે કેલ્યિશિયમના સ્તરને જાળવી રાખવા માટેનુ કામ પણ તે કરે છે. આ શરીરમાં ફાસ્ફોરસના સ્તરને જાળવી રાખવા માટેનુ કામ પણ કરે છે. શરીરને બાહરના ઈન્ફેક્શનથી બચાવવા માટેનુ મહત્વનુ કામ પણ કરે છે. ઈમ્ન સિસ્ટમ અથવા તો રોગ પ્રતિકારક શક્તિને વધારી દેવામાં પણ તે ઉપયોગી છે. માંસપેશિ અને નસોની કાર્યક્ષમતા વધારી દેવામા પણ તેની ભૂમિકા રહે છે. ફેંફસાની કાર્યક્ષમતાને પણ વધારે છે. હાર્ટને સ્વસ્થ રાખવામાં પણ તેની ભૂમિકા છે. બ્લડ સરક્યુલેશનને પણ યોગ્ય રીતે જાળવી રાખવામાં ઉપયોગી હોય છે. વિટામિન ડી-ની કમીથી અનેક રોગ થઈ શકે છે. સામાન્ય રીતે આના કારણે નબળાઈનો અનુભવ થાય છે. થાક વધારે લાગે છે. મનોબળ ઘટવા જેવી તકલીફ થાય છે. માથામાં દુખાવો પણ રહે છે. lepslj જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિટામીન ડી વાઈરલ ઈન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઈરલ ઈન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શિયાળાની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનના રોગ ફેલાઈ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જ્યારે દિવસો નાના હોય છે અને સૂર્યપ્રકાશ પ્રમાણસર નબળો હોય છે ત્યારે વિટામીન ડીનું સ્તર ઘટી જાય છે. આ જ કારણસર લોકો વાયરલ ઈન્ફેક્શના વધુ શિકાર થાય છે. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિટામીન ડીના ઘટક તત્વો રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે જે વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જર્નલ ઓફ લ્યુકો સાઈટ બાયોલોજીમાં જણાવવામાં આવ્યું છે કે વિટામીન ડીને લઈને કરવાાં આવેલા વધુને વધુ સંશોધનમાં જાણવા મળ્યું છે કે માનવીના આરોગ્ય માટે વિટામીન ડી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્પેનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે જ્યારે પરંપરાગત થેરાપી કામ કરતી નથી ત્યારે વિટામીન ડીના ઘટક તત્વો ઉપયોગી સાબિત થઈ શકે છે. વિટામીન ડીના લોહીના સ્તરમાં ફેરફારની પણ સરખામણી કરવામાં આવી છે. મોટીવયના લોકોમાં વિટામીન ડીની અછત વધારે જોવા મળે છે જેથી તેઓ વધુ બિમાર થઈ જાય છે. કોઈપણ સ્કૂલના શિક્ષકને એમ જ કહેતા સાંભળવામાં આવે છે કે શિયાળાની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વિટામીન ડી વધારે લેવામાં આવે. વિટામીન ડીના ઘટક તત્ત્વો સસ્તા પણ છે અને સામાન્ય રીતે સુરક્ષિત પણ છે.



**વિટામિન ડીની કમીના કારણે મોતનો ખતરો ત્રણ ગણો વધારે છે....**

**અભ્યાસ મુજબ ભારતની ૬૮.૮ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી છે જ્યારે ૨૬ ટકા મહિલાઓમાં વિટામિન ડી અપુરતા પ્રમાણમાં જોવા મળે છે આપને આ જાણીને હેરાની થશે કે દેશની માત્ર ૫.૫ ટકા મહિલાઓ એવી છે જેમના શરીરમાં વિટામિન ડી પુરતા પ્રમાણમાં જોવા મળે છે**

# વિટામિન ડીની કમી સ્થુળતાનુ કારણ

**વિટામિન ડીની કમી પબ્લિક હેલ્થ સમસ્યા છે : મહિલાઓમાં વિટામિન ડીની કમીથી શરીરને લગતી વધારે સમસ્યા સર્જાઇ રહી છે**

બ્રિટીશ મેડિકલ જર્નલના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય મહિલાઓમાં સ્થુળતા અને ડાયાબિટીસના વધતા જતા કેસ માટે કારણ તરીકે વિટામિન ડીની કમી છે. વ્યાપક અબ્યાસ બાદ જારી કરવામાં આવેલા આ તારણ સાથે મોટા ભાગના લોકો સહમત છે. અભ્યાસ મુજબ ભારતની ૬૮.૮ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી છે. જ્યારે ૨૬ ટકા મહિલાઓમાં વિટામિન ડી અપુરતા પ્રમાણમાં જોવા મળે છે. આપને આ જાણીને હેરાની થશે કે દેશની માત્ર ૫.૫ ટકા મહિલાઓ એવી છે જેમના શરીરમાં વિટામિન ડી પુરતા પ્રમાણમાં જોવા મળે છે. આ અભ્યાસને એમ્સ ડાયાબિટીસ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા એનડ નેશનલ ડાયાબિટીસ એન્ડ ઓબેસિટી એન્ડ કોલસ્ટ્રોલ ફાઉન્ડેશનના સંશોધકોએ સાથે મળીને ત્યાર કરીને રિપોર્ટ તૈયાર કર્યા છે. હકીકતમાં દુનિયાભરમાં વિટામિન ડીની કમી મુખ્ય હેલ્થ સમસ્યા તરીકે છે. હજુ સુધી થયેલા અભ્યાસથી એક બાબત તો સપાટી પર આવી ચુકી છે કે ભારતમાં મોટા પાયે વિટામિન ડીની કમીના કેસ છે. આનો સીધો સંબંધ સ્થુળતા સાથે છે. જો કે નવા અભ્યાસમાં માત્ર મહિલાઓ પર




ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ હતુ. આ અભ્યાસમાં સામેલ સંશોધકો કહે છે કે ભારતીય મહિલાઓમાં વિટામિન ડીની કમી એટલા માટે પણ છે કે મોટા ભાગની મહિલાઓ ઘરની અંદર જ બંધ રહે છે. તેમના વસ્ત્રો પહેરવાના તરીકેના કારણે સુર્યની રોન માટે એક્સપોઝર તેમને મળતા નથી. જેના કારણે સુર્યની રોશનીથી મળનાર વિટામિન ડી મહિલાઓને મળતા નથી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આ અભ્યાસના તારણ ખુબ ઉપયોગી છે.નિષ્ણાંતો કહે છે કે વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઈ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઈને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામિન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજીના પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટામિન ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઈને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આળ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામિન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બે ગણો રહે છ. આ ઉપરાંત હાઈ બ્લ્ડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે. એકંદરે વિટામિન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઈપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઈ શકી નથી. વિટામિન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામિન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામિન ડીની અછત ઘાતક છે. વિટામિન ડીની અછતથી ઘણી તકલીફો ઉભી થઈ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસથી આ બાબત સાબિત થઈ ચુકી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



૩ અમૃત ભારત ટ્રેનો અને ૪ પેસેન્જર ટ્રેનો

# દિવાળી અને છઠ પહેલા બિહારને ૭ નવી ટ્રેનો મળી

। પટણા, તા.૨૯ ।

દિવાળી અને છઠ પહેલા આજે બિહારને ૭ નવી ટ્રેનો મળી છે. આમાં ૩ અમૃત ભારત ટ્રેનો અને ૪ પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ટ્રેનોને લીલીઝંડીઆપી.ડેપ્યુટીસીએમસમ્રાટચૌધરીએએકસ પર પોસ્ટ કર્યું, કહ્યું, "બિહારની રેલ કનેક્ટિવિટીમાં એક નવો વિસ્તરણ થયો છે. આજે, બિહારના લોકોને ૭ નવી ટ્રેનો ભેટમાં આપવામાં આવી છે, જેમાં ૩ અમૃત ભારત ટ્રેન અને ૪ પેસેન્જર ટ્રેનનો સમાવેશ થાય છે. નવી ટ્રેનોના સંચાલનથી રાજ્યના લોકો માટે સરળ, ઝડપી અને અનુકૂળ મુસાફરી પૂરી પાડશે."તેમણે કહ્યું, "જ્યારે બિહારમાં રેલ્વે બજેટ ફક્ત ૧,૦૦૦ કરોડ રૂપિયા હતું, આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તે વધીને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. પીએમ મોદીએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક વ્યાપક અને દૂરંદેશી અભિગમ રજૂ કર્યો છે, જેનો લાભ રાજ્યના લોકોને મળશે."ટ્રેન નં. ૭૫૨૭૧/૭૫૨૭૨ નવાદા-પટણા-નવાદા ડેમુ પેસેન્જર - આ પેસેન્જર ટ્રેન રવિવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ શેખપુરા, બરબીઘા, અસ્થાવન, બિહાર શરીફ, નુરસરાય, દાનિયાવાન, ટોપ સરથુઆ, ફાઝિલચક, જાટડુમારી, પુનપુન થઈને દોડશે.ટ્રેન નં. ૭૫૨૭૩/૭૫૨૭૪ ઈસ્લામપુર-પટણા-ઈસ્લામપુર ડેમુ પેસેન્જર - આ પેસેન્જર ટ્રેન રવિવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ પુનપુર, જાટડુમરી, ફાઝિલચક, ટોપ સરથુઆ, દાનિયાવાન, હિલસા થઈને દોડશે.

ભારતીય ક્રિકેટ ટીમે રોમાંચક મુકાબલામાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ જીતી લીધો

# રમતના મેદાન ઉપર ઓપરેશન સિંદૂર । પરિણામ એ જ ભારત જીતી ગયું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારતીય ટીમને શુભેચ્છા પાઠવતા એક્સ પર પોસ્ટ શેર કરી લખ્યું કે એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ જીતવા બદલ ટીમ ઈન્ડિયાને મારી હાર્દિક શુભેચ્છા । ટીમે ટુર્નામેન્ટમાં એક પણ મેચ હારી નથી**

। નવીદિલ્હી, તા.૨૯ ।

ભારતીય ક્રિકેટ ટીમે રોમાંચક મુકાબલામાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ જીતી લીધો. ભારતની જીત બાદ લોકો સોશિયલ મીડિયા પર ઉજવણી કરી છે અને ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવી છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પીએમ મોદીએ પણ ભારતીય ટીમને ખાસ અંદાજમાં જીતની શુભેચ્છા પાઠવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારતીય ટીમને શુભેચ્છા પાઠવતા એક્સ પર પોસ્ટ શેર કરી લખ્યું કે એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ જીતવા બદલ ટીમ ઈન્ડિયાને મારી હાર્દિક શુભેચ્છા. ટીમે ટુર્નામેન્ટમાં એક પણ મેચ હારી નથી. જેનાથી ખેલમાં તેમનો દબદબો કાયમ રહ્યો. હું કામના કરું છું કે ટીમ ઈન્ડિયા ભવિષ્યમાં પણ આ પ્રકારે પોતાનો પરચમ લહેરાવે.



પીએમ મોદીએ પણ ભારતીય ટીમને જીતની શુભેચ્છા પાઠવતા સોશિયલ મીડિયામાં પોસ્ટ શેર કરીને લખ્યું કે "રમતના મેદાન ઉપર ઓપરેશન સિંદૂર...પરિણામ એ જ...ભારત જીતી ગયું! આપણા ક્રિકેટર્સને જીતની શુભેચ્છા."પીએમ મોદી ઉપરાંત કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂ, પીયુષ ગોયલ, સપા પ્રમુખ અખિલેશ યાદવ, ભાજપના નેતા અમિત માલવીય સહિત અને રાજનીતિક દિગ્ગજોએ ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા પાઠવી છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ ભારતીય ટીમને શુભેચ્છા પાઠવતા એક્સ પર લખ્યું કે, પાકિસ્તાને હારવાનું જ હતું અને ભારત હંમેશા ચેમ્પિયન રહેશે. ભારતીય ક્રિકેટ ટીમને જીતની શુભેચ્છા. કિરેન રિજિજુએ હરિસ રૌફ અને જસપ્રીત બુમરાહનો ફોટો શેર કર્યો અને લખ્યું કે પાકિસ્તાન પણ આવી જ સજાને પાત્ર છે. આ ફોટામાં, જસપ્રીત બુમરાહ પ્લેન ડ્રોપિંગ ઈશારો કરતો જોવા મળ્યો હતો, જ્યારે હરિસ રૌફ ક્લીન બોલ્ડ થયો હતો. મેચ દરમિયાન, બુમરાહએ હરિસ રૌફને આઉટ કર્યા પછી તેને ચીડવવા માટે આ ઈશારો કર્યો હતો, કારણ કે બંને ટીમો વચ્ચેની પાછલી મેચમાં હરિસ રૌફે ભારતીય ચાહકોની સામે વિમાન ડ્રોપિંગ ઈશારો કર્યો હતો. રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ પણ પાકિસ્તાન વિશે ચીડવનારી પોસ્ટ પોસ્ટ કરી. માંડવિયાએ પોસ્ટ પર લખ્યું, "સીમા પર હાર, મેદાન પર પણ હાર." અગાઉ, પીએમ મોદીએ લખ્યું હતું, "રમતગમતના મેદાન પર ઓપરેશન સિંદૂર, પરિણામ એ જ હતું: ભારત જીત્યું... આપણા ક્રિકેટરોને અભિનંદન."ભાજપના વરિષ્ઠ નેતા પિયુષ ગોયલે ભારતીય ક્રિકેટ ટીમના શાનદાર પ્રદર્શનના વખાણ કરતા આ જીતને ઐતિહાસિક જણાવી.

## દિલ્હીના મુકુંદપુર ફ્લાયઓવર ઉપર ત્રણના મોત,ઝડપી વાહને બાઇકને ટક્કર મારી

। નવીદિલ્હી, તા.૨૯ ।

દિલ્હીના મુકુંદપુર ફ્લાયઓવર પર એક દુઃખદ અકસ્માત થયો. અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. આ ઘટના રવિવારે મધ્યરાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. દિલ્હીના આઉટર રિંગ રોડ પર મુકુંદપુર ફ્લાયઓવર પર એક ઝડપી વાહને સ્પ્લેન્ડર બાઈકને ટક્કર મારી હતી. બાઈક પર સવાર ત્રણ લોકો સવાર હતા. ટક્કર એટલી ગંભીર હતી કે ત્રણેયના ઘટનાસ્થળે જ મોત થયા. પોલીસને શંકા છે કે અકસ્માત બાદ આરોપી ડ્રાઈવર ભાગી ગયો છે.અકસ્માત સ્થળે કોઈ પ્રત્યક્ષદર્શી નહોતા. પરિણામે, આરોપીઓ વિશે કોઈ કડીઓ મળી નથી. ઘટનાસ્થળની નજીક સીસીટીવી કેમેરા પણ મળ્યા નથી. પોલીસ અન્ય રૂટ પરથી સીસીટીવી કેમેરા ચકાસી રહી છે. મૃતકોની ઓળખ શાહિદ (૬૦), ફૈઝ (૨૮) અને હમઝા (૧૨) તરીકે થઈ છે. પોલીસે જહાંગીરપુરી પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૨૮૧/૧૦૬(૧) હેઠળ કેસ નોંધ્યો છે. પોલીસ ભાગી રહેલા વાહન અને ડ્રાઈવરની શોધ કરી રહી છે.૨૭ સપ્ટેમ્બરના રોજ, દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસવે પર શનિવારે વહેલી સવારે થાર કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી જેમાં પાંચ લોકોના મોત થયા હતા અને એક વ્યક્તિ ઘાયલ થયો હતો. ગુરુગ્રામ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે મૃતકોના પરિવારોને જાણ કરવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે.

ભીડને કાબૂમાં લેવા માટે પોલીસે કેટલીક જગ્યાએ હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો

# 'આઈ લવ મોહમ્મદ' રંગોળીને લઈને અહિલ્યાનગરમાં અરાજકતા, પોલીસે લાઠીચાર્જ કર્યો । ૩૦ની અટકાયત

**પોલીસે જણાવ્યું હતું કે, "ઘટનાની નોંધ લેતા, રંગોળી બનાવનારા લોકોની ઓળખ કરવામાં આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે બે લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો । એક આરોપી પોલીસ કસ્ટડીમાં**

। મુંબઇ, તા.૨૯ ।

મહારાષ્ટ્રના અહિલ્યા નગરમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. 'આઈ લવ મોહમ્મદ' પર પણ હોબાળો થયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, "કેટલાક અજાણ્યા લોકોએ 'આઈ લવ મોહમ્મદ' ના નારા સાથે રંગોળી બનાવી હતી. મુસ્લિમ સમુદાયના સભ્યોએ તેને પયગંબર મોહમ્મદનું અપમાન માન્યું અને પોલીસ સ્ટેશનની બહાર વિરોધ કરવા માટે મોટી સંખ્યામાં એકઠા થયા.

પોલીસે જણાવ્યું હતું કે, "ઘટનાની નોંધ લેતા, રંગોળી બનાવનારા લોકોની ઓળખ કરવામાં આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે બે લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. એક આરોપી પોલીસ કસ્ટડીમાં છે. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસે કેટલીક જગ્યાએ હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો."



